
## હરિની દ્રષ્ટિ...




# શહેરની મધ્યમાં લહેરાતા ખેતરો નગરજનોની આંખો ઠારે છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરની મધ્યમાં લહેરાતા ખેતરો જોવા મળે છે. ઈન્દ્રોડા ગામના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા અંદાજિત ૫૦ વિઘા જમીનમાં ચોમાસા દરમિયાન વાવણી કરવામાં આવે છે. જેમાં બાજરી, ગવાર, જાર અને કાકડીનું વાવેતર કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સૌનું છતાં કોઈનું નહીં તેવું આ નગર આસપાસના ગામની જમીન એકઠી કરી નિર્માણ પામ્યું છે. શહેરે એકાવન વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે છતાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નો હજુ પણ યથાવત છે. સરકાર દ્વારા બાકી રહી ગયેલું પોતાનું વળતર હજુ સુધી ગ્રામજનોને મળ્યું નથી તેવું ગ્રામજનોનું કહેવું છે.



જે તે સમયે ઈન્દ્રોડા ગામના ગ્રામજનોની જમીન ગાંધીનગરના નિર્માણમાં ગઈ છે. અત્યારે હાલ ખેડૂતોની કંગાળ જેવી પરિસ્થિતિ છે. પોતાની જમીનમાં સરકાર દ્વારા કોઈ ઈમારતનું નિર્માણ ન થયું હોય ત્યાં સુધી મોટે ભાગે ખેડૂતો તે દરમિયાન વાવણી કરતાં હોય છે.

સેક્ટર-૧૧ કોર્ટ સંકુલની પાછળ, રામકથા મેદાન, સેક્ટર-૧૦ સહિતની ખાલી પડેલી અંદાજિત ૫૦ વીઘા જમીન પર ઈન્દ્રોડાના અસરગ્રસ્ત ખેડૂતો દ્વારા વાવણી કરવામાં આવે છે. ઉનાળા, શિયાળામાં તો પાણીની તંગીના કારણે કોઈ પાક પકવતા નથી પરંતુ ચોમાસાની ઋતુ દરમિયાન ખેડૂતો બાજરી, જાર, ગવાર સહિત કાકડીનું વાવેતર કર્યું છે. વર્ષ દરમિયાન પોતાને બે ટંક માટે અનાજ મળી શકે તે હેતુથી તેઓ ખેતી કરે છે. દિવસ દરમિયાનની ભાગદોડ અને ઊંચી ઈમારતો પાછળ સુંદર મજાના લહેરાતા ખેતર જોઈ દરેક શહેરીજનની આંખ ઠરે છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે તલાટી કમ મંત્રીની પરીક્ષામાં પ્રશ્નપત્ર સરળ નીકળતા પરીક્ષાર્થીઓ ખુશખુશાલ જણાતા હતા.

● ગ્રામ્ય માર્ગો પર પડેલા વૃક્ષો એક માસ થયા પછી પણ નહિ હટાવાતાં ગ્રામીણ પ્રજામાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

● સહયોગ સંકુલમાં જિલ્લાની કચેરીઓ માટે ફળવાયેલી જગ્યાનો હવાલો હજુ ઘણી કચેરીઓએ સંભાળ્યો નથી.

● ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નામાભિધાન કરાયેલ સે. ૧૬ના રંગમંચને ખુલ્લો મુકાયો તે નિમિત્તે ભોજન સમારોહ રખાયો હતો.

● કલોલ તાલુકાના ચાંદીસણા ગામે રાજીવ ગાંધી સેવા કેન્દ્રનું આજે પંચાયતના સદસ્ય શ્રી અજીતસિંહ રાઠોડ અને અન્ય આગેવાનોની હાજરીમાં લોકાર્પણ કરાયું હતું.

● ગાંધીનગર અક્ષરધામના હરિમંદિર સંકુલમાં રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન ભજન-કીર્તન આરાધનાનું અનોખુ આયોજન કરવામાં આવ્યું છે.

# સેક્ટર-૨૭માં રહેતા મહિલા તબીબનો પંખે લટકી ગળેફાંસો

### રાત્રી દરમ્યાન પોતાના રૂમમાં પંખે દુપટ્ટો બાંધી ફાંસો ખાધો : પતિ ડેન્ટીસ્ટ છે : આપઘાતનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા. ૨૩

શહેરના સેક્ટર-૨૭ સ્વસ્તીક સોસાયટી ખાતે રહેતા અને અમદાવાદ અમરાઈવાડીની એક હોસ્પિટલમાં સેવા આપતા ૪૦ વર્ષિય મહિલા તબીબે રાત્રી દરમ્યાન પોતાના ઘરે જ પંખે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. બે સંતાનોની માતા મહિલા તબીબે કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ રહસ્યમય છે. સેક્ટર-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેક્ટર-૨૭ ખાતે સ્થિત સ્વસ્તીક સોસાયટીમાં મકાન નં. ૧૦૮૪માં રહેતા ૪૦ વર્ષિય રક્ષાબેન સચિનભાઈ ગોસ્વામી અમદાવાદના અમરાઈવાડી વિસ્તારની બિમા યોજના હોસ્પિટલમાં તબીબી સેવા આપતા હતા. એમ.બી.બી.એસ. મહિલા તબીબનો પતિ ડેન્ટીસ્ટ છે, જ્યારે તેમને બે સંતાનોમાં એક ૧૨ વર્ષનો દિકરો અને ૮ વર્ષની દિકરી છે. ગઈ રાત્રે દોઢ વાગ્યાની સવારના આઠ વાગ્યા સુધીના સમયગાળામાં મહિલા તબીબ રક્ષાબેને પોતાના રૂમમાં જ સીલીંગ ફેન પર દુપટ્ટો બાંધી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સે. ૨૧ પોલીસને ઘટનાની જાણ થતા પીએસઆઈ આઈ.ડી. રાઠોડ તથા તેમની ટીમ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માત મોતનો ગુનો નોંધી પોલીસે આપઘાતનું ચોક્કસ કારણ બહાર લાવવા દોડધામ શરૂ કરી છે. જો કે હજુ સુધી આપઘાતનું સ્પટ કારણ બહાર આવી શકયુ નથી.

# આજે માણસામાં ક્ષત્રિય ઠાકોર સમાજની સ્વતંત્ર અનામત માટે રેલી

### ૧૫ ટકા સ્વતંત્ર અનામત અને વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાની માંગ સાથે આવેદનપત્ર અપાશે

ગાંધીનગર, તા.૨૩

પાટીદાર, બ્રાહ્મણ, ક્ષત્રિય સમાજ દ્વારા અનામત આંદોલનો શરુ કરવામાં આવી રહ્યા છે ત્યારે હવે ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા સ્વતંત્ર અનામતની માંગ સાથે આંદોલનનું રણશીંગું ફુંકવામાં આવ્યું છે. ૧૫ ટકા સ્વતંત્ર અનામત અને ધોરણ-૧૨ તથા કોલેજના વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાની માંગ સાથે ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા સોમવારે માણસા ખાતે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. રેલી બાદ મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવશે.

અનામત આંદોલન રાજયને વર્ગ વિગ્રહ તરફ દોરી રહ્યું છે અને હવે આ આંદોલનો ચિનગારી માફક સરકારને દઝાડી રહ્યા છે. એક તરફ ૨૫ ઓગષ્ટે પાટીદારોનું મહારેલી સ્વરૂપે શકિત પ્રદર્શન છે ત્યારે ૨૪ ઓગષ્ટે સોમવારે ક્ષત્રિય ઠાકોર સમાજે પણ આંદોલન સ્વરૂપે રેલી નિકાળવાની જાહેરાત કરી દીધી છે. ૧૫ ટકા સ્વતંત્ર અનામત આપવાની માંગણી ઉપરાંત ધો-૧૨ અને કોલેજમાં અભ્યાસ કરતાં ક્ષત્રિય ઠાકોર સમાજના વિદ્યાર્થીઓને મફત ટેબલેટ આપવાની માંગણી સાથે ગાંધીનગર જિલ્લાના માણસા વિસ્તારમાં સ્થિત લાલ દરવાજાથી મહારેલી નિકાળવામાં આવશે. 'સ્થિર હોય કદમ જેના એને રસ્તો જડતો નથી, અડગ મનના ઠાકોરોને હિમાલય પણ નડતો નથી' ના નારા સાથે માણસા મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવશે.

# આજે ભાનુમતીબેન રોહિત શહેર કોંગ્રેસ મહિલા પ્રમુખ પદ સંભાળશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર જિલ્લા મહિલા કોંગ્રેસ સમિતિના નવ નિયુકત મહિલા પ્રમુખ ભાનુમતીબેન રોહિત તા. ૨૪ ઓગષ્ટે બપોરે ૩-૦૦ કલાકે સે-૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળશે. આ દરમિયાન હોદ્દેદારોને નિમણુંકપત્રો અપાશે.

કાર્યક્રમમાં ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રવકતા હિમાંશુ પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના નીરીક્ષક અશ્વિનભાઈ પરમાર, માણસા ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, દહેગામ ધારાસભ્ય કામીનીબેન રાઠોડ, પ્રદેસ કોંગ્રેસ મહિલા મહામંત્રી પ્રેમબા હાડા, પૂર્વ શહેર પ્રમુખ વિક્રમસિંહ ખાચર અને મુકેશભાઈ પટેલ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાનાં વિપક્ષના નેતા ચીમનભાઈ વિઝુંડા તથા જિલ્લા પ્રમુખ સુર્યસિંહ ડાભી, શહેર પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત પૂર્વ શહેર પ્રમુખો, સમિતિના હોદ્દેદારો મહિલા કોંગ્રેસ, વોર્ડ પ્રમુખો, કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# સિસિકા દ્વારા સિવિલ હોસ્પિટલના ગરીબ દર્દીઓને આર્થિક સહાય

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા દર્દીઓને આર્થિક સહાય કરી સેવાકાર્ય કરવામાં આવે છે.

આ સંસ્થા દ્વારા ગાંધીનગરમાં હરતા ફરતા સસ્તા દવાખાનાની સેવા આપવામાં આવે છે. જેનો લાભ ગામડામાં વસતા ગરીબ દર્દીઓ લઈ રહ્યા છે. આ માસમાં ૯૧૪થી વધુ દર્દીઓએ લાભ લીધો છે. તેમજ આ સંસ્થાએ શહેરના રહેવાસીઓ માટે એમ્બ્યુલન્સ સેવા પણ પુરી પાડી છે. આ સેવાનો લાભ ૧૪થી વધુ દર્દીઓ લઈ ચૂક્યા છે.

કાઉન્સિલના કન્વિનર દશરથલાલ પરમાર અને દિલિપસિંહ રાજપૂત દ્વારા દર્દીઓને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. તેમજ તેઓ દરરોજ દર્દીઓની સવારે ૧૦થી ૧૨ અને સાંજે ૫ થી ૭ કલાક સેવા આપે છે.

## અવસાન નોંધ

મહેશભાઈ ગોરધનદાસ મજેઠીયાનું તા. ૨૩-૮-૨૦૧૫નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૪-૮-૨૦૧૫ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન ૨૪, દેવ આશીષ સોસાયટી સ્વસ્તિક સ્કૂલ પાસે, નવા વાડજ, અમદાવાદ રાખેલ છે.

# ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય સમુહગાન પ્રતિયોગીતા ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. શહેરની વિવિધ શાળાના બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.બાળકો એ દેશભકિતના સુંદર ગીતો પ્રસ્તુત કર્યો હતા.સ્પર્ધામાં સંસ્કૃત ભાષામાં પણ દેશભકિત ગીતો વિધાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવતા સૌ હાજર લોકો અચંબામાં પડી ગયા હતા.સ્પર્ધામાં વંદે માતરમ ૩ વખત જયારે રાષ્ટ્રીય જય ચેતના કા ગાન પાંચ વાર વિધાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યુ હતું.



આ પ્રસંગે ઉપસ્થિત કર્નલ એમ.ડી.મુથ્થપા,અને કર્નલ ઘોષે બાળકોને જણાવ્યુ હતુંકે દેશભકિત એ એક એવો ગુણ છેકે જે નાના બાળક હોય ત્યારથી જાગે છે.ભારત દેશમાં અલગ અલગ સંસ્કૃતિ અને ભાષા છે. તેનો મને ગર્વ છે.તેઓએ આજના યુવાનો ને ઉદેશીને કહ્યું હતુંકે યુવાનો દારુ અને તમાકુના વ્યસને ચડ્યા છે. તે યોગ્ય નથી. સામાજીક કાર્ય સહિત માતૃભાષાના ગૌરવ વિશે વાત કરી હતી.આ પ્રતિયોગીતામાં દરેક ટીમના નામ વિવિધ યોગના આસનો ઉપરથી પાડવામાં આવ્યા હતાં.મોટાભાગના સ્પર્ધકના પોશાકમાં ત્રિરંગો છવાયેલો હતો.ત્રણ વિભાગોમાં સ્પર્ધા વહેચાઈ હતી.જેમાં અ,બ, અને સાંસ્કૃત વિભાગ હતા.વિજેતા ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.ગાંધીનગરના ધારાસભ્ય અશોક પટેલ,કલ્પતરુ પાવર કંપનીના કમલ કિશોર જૈન,ભારત વિકાસ પરિષદના ગાંધીનગરના પ્રમુખ ચંદ્રકાંત રાવલ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર આ સુંદર મજાના કાર્યક્રમને માણ્યો હતો.આ સ્પર્ધાને સફળ બનાવવા સભ્યોયે ભારે જહેમત ઉઠાવી હતી.



કરી ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કયા હતા.સ્પર્ધામા એમ.બી.પટેલ ઈગ્લીશ મિડિયમ, બ્રાઈટ ઈન્ટરનેશનલ,દિલ્હી પબ્લીક સ્કુલ અને અંધશાળાના વિધાર્થીઓ સ્પર્ધામાં મેદાન માર્યુ હતું.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

સમુહગાન સ્પર્ધામાં પ્રારંભે સરસ્વતી શિશુવાટીકાના બાળકો દ્વારા ઈસ ધરતી પર સ્વર્ગ યહા પર ભારત માતા હે,ઈસ ધરતી પર જન્મ લીયા હે ઈસ ધરતી સે નાતા હે,વંદે માતરમ,ધરતી કી શાન,હમ બંગાલી હમ પંજાબી,સુરજ બદલે ચંદા બદલે ક્રાંતિ કી મશાલ સે સંગઠન ગઢે ચાલો સહિત અનેક દેશભકિતના ગીતા બાળકોએ રજુ

● **પ્રાથમિક વિભાગની વિજેતા શાળાઓ**

(૧) પ્રથમ ક્રમે-બ્રાઈટ વિક્ટરી સ્કૂલ (કરાઈ) (૨) દ્વિતિય ક્રમે-અંધશાળા, સે. ૧૬ (૩) બ્રાઈટ ઈન્ટરનેશનલ (કરાઈ)

● **સંસ્કૃત વિભાગની વિજેતા શાળાઓ**

(૧) પ્રથમ ક્રમે-એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ (૨) દ્વિતય ક્રમે - દિલ્હી પબ્લીક સ્કૂલ (૩) બ્રાઈટ માધ્યમિક શાળા

● **માધ્યમિક વિભાગની વિજેતા શાળાઓ**

(૧) પ્રથમ ક્રમે, એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ (૨) દ્વિતિય ક્રમે બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કૂલ (૩) તૃતિય ક્રમે દિલ્હી પબ્લીક સ્કૂલ

# શહેરમાં પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અજગરી ભરડો

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં પાર્કિંગ પ્લેસના નિર્માણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.પરંતુ દબાણની સમસ્યા પાર્કીંગ પ્લેસને ભરખી ગઈ છે. શહેરના કોર્મશીયલ વિસ્તારમાં પાર્કીંગના ઠેકાણે લારી ગલ્લાના દબાણોએ અડ્ડો જમાવી દેતા પાર્કીંગ બનાવવાની યોજનાનો કોઈ હેતુ સરતો નથી. દબાણ ઝુંબેશ દુર કરવા પણ નાટકીય ઝુંબેશ હાથ ધરાતી હોવાથી સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવી શકતો નથી. જેના પરિણામે નગરમાં ટ્રાફિક સેન્સનો અભાવ વર્તાઈ રહયો છે.

ગાંધીનગરમાં સેકટરોમાં નજર નાંખો ત્યાં પાર્કીંગની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. નગરની સરકારી કચેરીઓમાં પણ આડેધડ વાહનોનો ખડકલો થાય છે. જયારે નગરના કોર્મશિયલ વિસ્તારમાં પણ લાખોના ખર્ચે તૈયાર કરાયેલા પાર્કીંગ પ્લેસ ચોપાટીમાં ફેરવાઈ ગયુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. તંત્ર દ્વારા લાખોના ખર્ચે તૈયાર કરયેલા પાર્કીંગના ઠેકાણે લારી ગલ્લા અસ્તિત્વમાં આવી જતા આમ નાગરીકોને વાહન પાર્ક કરવાની જગ્યા મળતી નથી. જયારે માર્ગ વચાળે વાહનોનો ખડકલો થતા ટ્રાફિકની દ્રષ્ટીએ રોજબરોજ અનેક પ્રશ્નો ઉદભવે છે. સે-૧૧ તેમજ સે-૧૬ અને નગરના મુખ્ય શોપિંગ સેન્ટર સે-૨૧માં દબાણોએ પાર્કીંગ પ્લેસ પર કબજો જમાવી લીધો છે. આ ઠેકાણેથી દબાણો દુર કરવાની ઝુંબેશ પણ નાટકીય પુરવાર થઈ છે.આવા સંજોગોમાં આમ નાગરિકોએ તો બન્ને બાજુ હેરન થવાનો વારો આવ્યો છે. વાહન યોગ્ય સ્થળે ન મુકે તો ટ્રાફિક પોલીસ દ્વારા દંડ વસુલી કરવામાં આવે છે. જયારે

### ટ્રાફિકની સમસ્યા પેચીદી : લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ વાહનો પાર્ક કરવાના ઉપયોગમાં આવતા નથી

પાર્કીંગ પ્લેસમાં વાહનચાલકોને જગ્યા જ મળતી નથી. લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ જાણે લારી ગલ્લા રાખવાનુ સ્ટેન્ડ બની ગયા છે. ત્યારે વાહન પાર્કીંગની સળગતી સમસ્યાને નિવારવા દબાણોને દુર કરવા અસરકારક આયોજન થાય તે પણ અનિવાર્ય બન્યુ છે.

# એકટીવામાં દેશી દારૂની ખેપ મારતો એક શખ્સ પકડાયો

### પુન્દ્રાસણ ચોકડી પાસેથી વાવોલના શખ્સને ૧૦ પોટલીઓ સાથે પકડી લેવાયો

ગાંધીનગર નજીક પુન્દ્રાસણ સર્કલ પાસેથી પેથાપુર પોલીસે એક શખ્સને દેશી દારૂની ખેપ મારતા પકડી પાડયો છે. પોલીસે ૧૦ દેશી દારૂની પોટલીઓ લઈને એકટીવા પર ખેપ મારી રહેલા વાવોલ ગામના તરપોજ વાસ નજીક રહેતા ખેપીયાની ધરપકડ કરી લઈ રૂ. ૩૦,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

પેથાપુર પી.એસ.આઈ. ડી.બી.વાળા તથા તેમની ટીમ પુન્દ્રાસણ ચોકડી પાસે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમીને આધારે એક ખેપીયાને દેશી દારૂની ખેપ મારતા ઝડપી લેવાયો છે. વાવોલ ગામના તરપોજ વાસ નજીક રહેતા વિજયજી લક્ષ્મણજી ઠાકોરને એકટીવા સાથે પકડી તેમાં ચેકીંગ કરતાં દેશી દારૂની ૧૦ પોટલીઓ મળી આવી હતી. પાંચ લીટર દેશી દારૂનો જથ્થો કિં. રૂ. ૮૦૦ અને રૂ. ૩૦ હજારનું એકટીવા મળી કુલ રૂ.૩૦,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યોછે.


જન્મદિન શુભેચ્છા



જ્યોતિબેન ખાડે

આપના જન્મદિને અંતરથી શુભેચ્છા પાઠવીએ છીએ.

પ્રકાશ ખાડે
દિક્ષિતા - વિશાલ
વૈશાલી - મહેન્દ્ર
તારૂલત્તા અને ઋતુજા

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૯૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515